Title-Code:-GUJGUJ18109
www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર | Mo- 9016924808 | સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 28,(SURAT), DATE-01/01/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૨૮, (સુરત), તા.૦૧/૦૧/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 તાપી જીલ્લાના નિવાસી અધિક કલેક્ટર આર.આર બોરડના અધ્યક્ષસ્થાને સુશાસન સપ્તાહ નિમિત્તે વર્કશોપ યોજાયો

3 સુરતના પાંચ પોલીસ મથકના વિસ્તારમાંથી ૨૫૦થી વધુ લોકો પીધેલા ઝડપાયા

4 નાના ક્રેનનો ભુક્કો બોલી ગયો, માંગરોળના મોલવણ ગામે મશીનરી ચડાવતી વખતે બની ઘટના

### શ્રી દક્ષિણ ગુજરાત ક્ષત્રિય (રાજપૂત) સંઘ, મગોબ તથા સુરત જિલ્લા રાજપૂત યુવા સંગઠન દ્વારા

## છઠ્ઠી વોલીબોલ ટુર્નામેન્ટ કામરેજ તાલુકાના ચીખલી (ડુંગર) ગામ ખાતે યોજાઈ

**ચીખલી-** શ્રી દક્ષિણ ગુજરાત ક્ષત્રિય (રાજપૂત) સંઘ, મગોબ તથા સુરત જિલ્લા રાજપૂત યુવા સંગઠન દ્વારા છઠ્ઠી વોલીબોલ ટુર્નામેન્ટ કામરેજ તાલુકાના ચીખલી (ડુંગર) ગામ ખાતે યોજાય હતી તા. ૨૮/૧૨/૨૦૨૪, શનિવારના રોજ યોજાયેલ હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે દક્ષિણ ગુજરાત રાજપૂત સમાજ મગોબના પ્રમુખ પ્રદ્યુમ્નસિહ ગોહિલ (પ્રકાશ બાપુ) મદનસિંહ અટોદરિયા સુરત. કચ્છ કાઠીયાવાડ રાજપુત સમાજના ના પ્રમુખ પ્રદ્યુમ્નસિહ જાડેજા. તેમજ ૬૪ ટીમ વોલીબોલ રમત રમવા માટે વિવિધ ગામો થી રાજપૂત સમાજના યુવક આવ્યા હતા.

આ વોલીબોલ ટૂર્નામેન્ટ-૨૦૨૪ માં સમગ્ર દક્ષિણ ગુજરાતના વિવિધ ગામોમાંથી ૬૪ જેટલી ટીમોએ ભાગ લીધો જેમાંથી સેવણી ગામની ટીમ વિજેતા અને આસારમા ગામની ટીમ રનર્સઅપ બની હતી. વિજેતા ટીમને રૂ. ૧૧૧૧૧ (અર્જુનસિંહ ધલા કરજણ) તરફથી અને રનર્સઅપ ટીમને રૂ. ૫૫૫૫ (વિક્રમસિંહ સણીયા હેમાદ) તરફથીતેમજ સેમિફાઇનલ સુધી પહોંચેલ ૦૨ (બે) રનર્સઅપ ટીમો ઉમરાછી અને કુંવારદાને રૂ.૨૫૦૧ ( છત્રસિહ રાજ દાદા બારડોલી) તરફથી રોકડ ઇનામ થી પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન શૂટિંગ, ડિફેન્સ અને નેટી તરીકે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને બેસ્ટનશૂટર, બેસ્ટનડિફેન્ડર તથા બેસ્ટનનેટર તરીકે ટ્રોફીઓથી સન્માનિત કરવામાં આવ્યા.











ચીખલી ગામના વડીલ સામાજિક અગ્રણી હસમુખ સિંહ પ્રતાપસિંહ દેસાઈ ના જન્મદિવસ નિમિત્તે શ્રી રાજપુત કરણી સેના ટીમ અને દક્ષિણ ગુજરાતના અધ્યક્ષ મેહુલ સિંહ દેસાઈ દ્વારા જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવતા પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

**શ્રી દક્ષિણ ગુજરાત ક્ષત્રિય (રાજપૂત) સંઘ, મગોબ સુરત જિલ્લા રાજપૂત યુવા સંગઠન ના ઉપક્રમે યોજાયેલ છઠ્ઠી વોલીબોલ ટુર્નામેન્ટ ને સફળ બનાવવા બદલ સમસ્ત ચિખલી ગામ તથા ચીખલી ગામના યુવાનો તથા આ ટૂર્નાૅમેન્ટ મા રમવા આવેલ તમામ પ્લેયરો નો પણ દિલથી આભાર માનૂ છૂ આવોજ સ્પોટૅ આગળ પણ આપતા રહેશો એવી લાગણી વ્યક્ટ કરીએ છીએ ફરીથી ચીખલી ગામના લોકો તથા યુવાનો નો દિલ થી ખૂબ ખૂબ આભાર માનુ છૂ .....**

## બેંક ઓફ બડોદાની બારડોલી તથા આસપાસની બધી જ શાખાઓ દ્વારા એન.આર.આઈ. ગ્રાહકો માટે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરાયું

**બારડોલી**–બેંક ઓફ બડોદાની બારડોલી તથા આસ પાસની બધી જ શાખાઓ દ્વારા એન.આર.આઈ. ગ્રાહકો માટે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન તા. ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ કરાયું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં એનઆરઆઈ ગ્રાહકો ને બેંક તરફથી મળતી બધી જ સુવિધાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સુરત જિલ્લા ના સ્થાનિય પ્રબંધક શ્રી આદર્શ કુમાર તથા ઉપ સ્થાનિય પ્રબંધક મયુર પી. ઈદનાની એ ગ્રાહકોને અભિવાદન કર્યુ હતું. આ પ્રસંગે ગ્રાહકો એ પણ પોત પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. તેમજ ગ્રાહકો એ આ બેંક તરફથી મળતી સુવિધાઓની પ્રશંસા કરી હતી. તથા કાર્યક્રમના અંતે બારડોલી શાખા પ્રબંધક સૌરવ વર્ષા એ બધાને ધન્યવાદ આપ્યો.










## માંગરોળના સાવા પાટિયા નજીક ચાલકે સ્ટેરીગ પરનો કાબૂ ગુમાવી રેતી ભરેલ ડમ્પર હાઈવેના ડીવાઈડર પર ચડાવી પલટી મરાવી દીધું

બારડોલી- નેશનલ હાઇવે ૪૮ પર માંગરોળ તાલુકાના સાવા પાટિયા નજીક ચાલકે સ્ટેરીગ પરનો કાબૂ ગુમાવી રેતી ભરેલ ડમ્પર હાઈવેના ડીવાઈડર પર ચડાવી પલટી મરાવી દીધું હતું. જેને લઇને ડમ્પરમાં ભરેલ રેતી બધી હાઇવે પર પથરાઈ જતાં ટ્રાફિક જામ થયો હતો. સ્થળ પર દોડી ગયેલ તંત્રના માણસોએ આગળની કામગીરી હાથ ધરી હતી.

સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઇવે પર દિન પ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. સુરતના માંગરોળ તાલુકાના સાવા ગામના પાટિયા પાસે નેશનલ હાઇવે ૪૮ પર સુરતથી ભરૂચ તરફ જઈ રહેલ રેતી ભરેલા ડમ્પર ચાલકે સ્ટેરીગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. ડમ્પર સીધું હાઈવેના ડીવાઈડર પર ચડી પલ્ટી મરાવી દીધું નથી. જેને લઇને રેતી બધી હાઇવે પર પથરાઈ ગઇ હતી. ઘટનાને પગલે સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. ડમ્પર ચાલકનો આબાદ બચાવ થતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. હાઇવે પર પલટી મારી ગયેલ ડમ્પર સીધું કરવાની કામગીરી હાથ ધરી હતી.



**સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઇવે પર દિન પ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યા છે.**

## ડીડોલી સ્થિત તમામ શાળાઓનાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ એક સાથે સંપૂર્ણ વંદે માતરમ્ ગીતનું ગાન કર્યું

સુરત- ગત શનિવારના રોજ ખઈઝ્ઝ્ર સાંસ્કૃતિક તથા નૈતિક પ્રશિક્ષણ પ્રકલ્પ મૂલ્ય નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ સંસ્થા દ્વારા બાળકોના શિક્ષણના મૂલ્યો અંગે જાગૃત કરવા તેમજ રાષ્ટ્ર ભક્તિના રંગે રંગવાના હેતુથી સમૂહ પૂર્ણ રાષ્ટ્રગાન મહાગીત વંદે માતરમ્ વિદ્યાર્થીઓ દ્વારા ગવડાવવામાં આવેલ જેમાં સમગ્ર ડીડોલી વિસ્તારની સ્કૂલોના ૫,૦૦૦ જ`ટલા વિદ્યાર્થીઓ એક ગ્રાઉન્ડમાં એકત્રિત થઈ વંદે માતરમ્ મહાગીતનું ગાન કરેલ જેમાં ડીડોલી સ્થિત રોઝ બડ'સ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને સવારે ૦૭:૩૦ વાગે સ્કૂલ પર બોલાવી શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ગ્રાઉન્ડ પર લઈ જવામાં આવ્યા હતા. જયાં દીપ પ્રાગટ્ય કરી મહેમાનોના સ્વાગત પ્રવચનો બાદ સામૂહિક પૂર્ણ વંદે માતરમ્ મહાગીત નો ઓડિયો તેમજ વિડીયો બતાવવામાં આવેલ ત્યારબાદ સમૂહ ગાન વંદે માતરમ્ ગીતનું ગાન કરાવવામાં આવેલ.





Mo-9727410292 Mo-9426810292





**શ્રી બાલાજી ડાઈનિંગ હોલ**

ધામળોદ રોડ, બારડોલી



Date-01/01/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# તાપી જિલ્લા સોનગઢમાં ગુજરાત રાજયના બાર કાઉન્શીલ ઓફ ગુજરાત માતૃસંસ્થાના નેજા હેઠળ ગુજરાતના તમામ વકીલ મંડળોની ચુંટણી યોજાઈ






તાપી જિલ્લા તા.૩૦/૧૨/૨૦૨૪ સોમવાર સોનગઢમાં દર વર્ષની ડિસ્મેબર મહિનામાં ગુજરાત રાજયના તમામ વકીલોનો ચુંટણીનો તહેવાર એટલે બાર કાઉન્શીલ ઓફ ગુજરાત માતૃસંસ્થાના નેજા હેઠળ ગુજરાતના તમામ વકીલ મંડળોની ચુંટણી યોજાતી હોય છે તેના ભાગરૂપે ગુજરાત રાજયના છેવળાના આદિવાસી વિસ્તાર તાપી જિલ્લાના સોનગઢ તાલુકા વકીલ મંડળમાં પણ ચુંટણી પર્વ સમનવય રીતે ઉજવણી કરવામાં આવેલ હતી. જયારે આખા ગુજરાતમાં તા. ૨૦/૧૨/૨૦૨૪ ના રોજ ચુંટણી થતી હતી. ત્યારે સોનગઢ તાલુકા વકીલ મંડળમાં સમરસ્તાથી સમનવય હોદ્દેદારોની નિમણુકના પ્રયત્નો ચાલુ હતા. સોનગઢ તાલુકો આદિવાસી વિસ્તાર તરીકે પ્રચલિત છે. ઉપરાંત ગુજરાત મહારાષ્ટ્રની બોર્ડર સાથે તાપી જિલ્લાનું ભૌગોલિક દ્રષ્ટિએ સૌથી મોટો તાલુકો છે.

તાલુકાના કોર્ટમાં વકીલો કાર્યરત હોય અને તેના હોદ્દેદારોની નિમણુક એ આખા ન્યાયિક પ્રણાલીને અસર કરતા રહે છે સોનગઢ તાલુકા વકીલ મંડળમાં શરૂઆતમા ચુંટણીના એંધાણ ઉભા થતા વકીલ મંડળના સિનિયર વકીલ અને પુર્વ પ્રમુખ નોટરી વકીલ રાકેશભાઈ બધેકા અને ઇશ્વરભાઇ ગામીત નાઓએ ચુંટણી કમિશ્નર અને ચૂંટણી અધિકારીની જવાબદારી સ્વીકારી સમરસ ચુંટણીના પ્રયત્નો કરતા તેમાં સફળતા મેળવી અંતે ચુંટણી પ્રક્રિયાને મતદાનથી અલિપ્ત કરી સમરસતાથી નવે હોદ્દેદારોની નિમણુકમાં સફળતા મેળવતા સોનગઢ તાલુકા વકીલ મંડળ આજરોજ ખુશ ખુશાલ ઉત્સવમાં નજરે ચઢી આવેલ.

સોનગઢ તાલુકા વકીલ મંડળ સને ૨૦૨૫ ના પ્રમુખ તરીકે અનિલભાઈ ગામીત ઉપપ્રમુખ અને લાઈબ્રેરીયન તરીકે અજયભાઇ એસ. ગામીત તથા મંત્રી તરીકે દિલીપભાઈ ગામીત અને સહમંત્રી તરીકે અને મહિલા રીપ્રેસેન્ટેટીવ અને ખજાનચી તરીકે મનાલીબેન એન. ઢોડિયાની જાહેરાત થતા તમામ વકીલ મંડળના સભ્યોએ તે તમામ હોદ્દેદારોનો હર્ષો ઉલ્હાસથી સ્વીકારી સ્વાગત કરેલ છે અને આમ, સોનગઢ તાલુકા વકીલ મંડળ સમરસતાથી હોદ્દેદારોની નિમણુક કરવામાં સફળતા મેળવ્યા બાદ નવા હોદ્દેદારોએ નોટરી વકીલ રાકેશભાઈ બધેકા અને ઇશ્વરભાઇ ગામીતનો આભાર માનેલ હતો.

# તાપી જીલ્લાના નિવાસી અધિક કલેક્ટર આર.આર બોરડના અધ્યક્ષસ્થાને સુશાસન સપ્તાહ નિમિત્તે વર્કશોપ યોજાયો

**તાપી-**ગૂડ ગવર્નન્સ થીમ હેઠળ સુશાસન સપ્તાહ નિમિત્તે તાપી જીલ્લાના નિવાસી અધિક કલેક્ટર આર. આર બોરડ ના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે સુશાસન સપ્તાહ નિમિત્તે વર્કશોપ કમ સેમીનાર યોજાયો હતો.




વર્કશોપમાં બોરડે જણાવ્યું હતું કે આપણે સૌ સરકારના વિવિધ અંગો છીએ. સરકારની નીતિઓ, કાર્યો અને યોજનાઓનો લાભ સામાન્ય જનતાને લાભ મળે તેમજ જે લોકો મુખ્ય પ્રવાહથી છેવાડાના વિસ્તારમાં રહે છે તે પણ વંચિત ન રહે તે આપણી ઉપ્લભ્ધી છે. રહેઠાણ, વસવાટ, ખોરાક, શિક્ષણ અને આરોગ્ય આટલી પાયાની સુવિધાઓ જન જન સુધી પહોચાડવી એટલે ગૂડ ગવર્નન્સ. વિકાસના ધ્યેયને હાંસલ કરવા માટેની તકો અને પડકારોની ચર્ચા કરવાની સાથે સરકારી નીતિઓ, યોજનાઓ અને કાર્યક્રમો વિશે જાગૃતિ વધારવા, સરકારની વિવિધ યોજનાઓનો લાભ દરેક ક્ષેત્રના લોકોને મળે તેવી કામગીરી કરવા, લોકોના પ્રશ્નોનું ઝડપથી હકારાત્મક નિકાલ લાવવા અંગે સૌને પોતાની કક્ષાએ કામ કરવું જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું.

ગુડ ગવર્નન્સ પ્રેક્ટિસિસ અને ઇનિશિએટિવ બાબતે દ્રષ્ટાંતરૂપ ત્રણ બાબતો પ્રાકૃતિક કૃષિ, ડી. જી. વી. સી. એલ ની સોલાર યોજના તેમજ કામધેનું યુનિ. દ્વારા એક પાવરપોઈન્ટ પ્રેઝેન્ટેશન આપવામાં આવ્યું હતું. આ ત્રણ બાબતો અંગે વિવિધ તજજ્ઞો દ્વારા આ વિષયોને લઈને માહિતી આપવામાં આવી હતી. પ્રાકૃતિક કૃષિ અંગે જણાવવામાં આવ્યું હતુ કે પેસ્ટીસાઈડ અને રાસાયણિક ખાતરથી આપણી જમીન ખરાબ થઈ ગઈ છે અને આવનારા સમય માં કેન્સર જેવા ભયંકર રોગનું પ્રમાણ વધશે માટે આપણી રાજય સરકાર પણ પ્રાકૃતિક કૃષિને મહત્વ સમજીને તેને પ્રોત્સાહન આપે છે. ડી.જી.વી.સી. એલ. દ્વારા પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાના લાભાલાભ જણાવવામાં આવ્યા હતા. રૂફટોપ સોલાર યોજના પર્યાવરણને નુકસાન કરતુ નથી, જાળવણી ખર્ચ નથી તેમજ આર્થિક રીતે લાભકારક છે તેમજ એવા ગ્રાહકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા જેમનું વીજળી બીલ ૨૦ શૂન્ય આવતું હોઈ.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજયમાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી બાજપાઈના જન્મદિનની ઉજવણી અંતર્ગત સુશાસન સપ્તાહની તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ થી તા. ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ઉજવણી કરવામાં આવી રહી છે.

વર્કશોપમાં આરોગ્ય, શિક્ષણ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સહિતના સંબંધિત અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યાં હતાં. આસીસ્ટન્ટ કલેક્ટર તૃપ્તિ પટેલે કાર્યક્રમને સમાપન કર્યું હતું.

# મંાગરોળના પાલોદ ને.હા.નં-૪૮ પર અકસ્માત

## અજાણ્યા વાહને ૩૬ વર્ષીય ઇસમને અડફેટમાં લેતાં ઘટનાસ્થળે મોત; કોસંબા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી

બારડોલી- માંગરોળનાં પાલોદ ગામની સીમમાં ને.હા. નં-૪૮ પર અજાણ્યા વાહનની અડફેટે ૩૬ વર્ષીય ઇસમનું મોત થયું હતું. કોસંબા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સુલતાનપુર જિલ્લાનાં હરીહરપુર ગામ (યુપી) નાં ૩૬ વર્ષીય રામ અભિલાખ રામ બદન કોસંબા પોલીસની હદમાં પાલોદ ગામની સીમમાં અમદાવાદથી મુંબઇ ને.હા.નં-૪૮ પરથી પસાર થઇ રહ્યા હતા. જે દરમ્યાન પુરપાટ માતેલા સાંઢની જેમ આવી રહેલા અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રામ અભિલાખને અડફેટમાં લઇ અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઇને ફરાર થઈ ગયો હતો.

જોકે સુચિત અકસ્માતની ઘટનામાં રામ અભિલાખને માથાનાં તેમજ શરીરના વિવિધ ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. ત્યારે સમગ્ર અકસ્માતની ઘટના અંગે કોસંબા પોલીસને જાણ કરવામાં આવતા હાલ પોલીસે કસુરવાર અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# બગુમરામાં પ્રદૂષણ ઓકતા એકમોથી રહિશો ત્રાહિમામ

બારડોલી- પલસાણા તાલુકાના બગુમરા ગામમાં પ્રદૂષણ ફેલાવતા એકમો સામે કાર્યવાહી કરવાની માગ સાથે ગ્રામજનોએ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડબ્રહ્માના ધારાસભ્ય ડો. તુષારભાઈ ચૌધરીને લેખિતમાં રજૂઆત કરી હતી.આ અંગે મળતી માહિતી અનુસાર બગુમરા ગામમાં આવેલી ડાઈંગ મિલમાંથી નીકળતા ધુમાડાને કારણે ગામનું વાતાવરણ પ્રદુષિત થઈ રહ્યું છે. ગ્રામજનો ધુમાડાથી પરેશાન થઈ ગયા છે. અનેક વખત રજૂઆત છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. રાજકીય અધિકારીઓ, પદાધિકારીઓની રહેમનજર હેઠળ ગ્રામપંચાયાત તેમજ નગરપાલિકાની કચરા ગાડી દ્વારા પણ પ્લાસ્ટિક તેમજ ટાયરો સળગાવી પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું હોવાનો



આક્ષેપ લગાવવા માં આવ્યો છે. પ્રદૂષણને કારણે ખેતી પાકને પણ નુકસાન થઈ રહયું છે. ત્યારે આ જીવલેણ પ્રદૂષણથી બચાવવા માટે ગ્રામજનોએ અંતે માજી કેન્દ્રિય મંત્રી અને હાલના ખેડબ્રહ્માના ધારાસભ્ય ડો. તુષાર ચૌધરીને લેખિતમાં રજૂઆત કરી હતી. રજૂઆત બાદ તુષારભાઈએ ગામની જાત મુલાકાત લીધી હતી અને ગ્રામજનોની ફરિયાદ સાંભળી મામલો હાથમાં લીધો છે .ત્યારે હાલમાંથી અમેરીકાથી પોતાના દીકરાના લગ્ન કરવા આવેલા પ્રકાશસિંહ વાંસીયાએ જણાવ્યું હતું કે આ મિલ દ્વારા જે પ્રદુષણ ફેલાવવામાં આવી રહ્યું છે

# ખાંભલાથી ૫૫ કિલો વજની ૪ ફૂટનો કાચબો પકડાયો



વાલોડ- તાપી જિલ્લાના વાલોડ તાલુકાના ખાંભલા ખાતે એક મહાકાય કાચબો ખાડીમાં કે રસ્તાની તરફ ફરી રહ્યો હોવાની જાણ સ્થાનિકોને થતાં તેમણે ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટને માહિતી અપાઇ હતી. જેથી ટીમના સભ્ય અશ્વિન ચૌધરીને ખાંભલા ગામે મોકલતા નાની ખાડીમાંથી મહાકાય કાચબાનો બચાવ કરી હતી, આ અંગેની જાણ જતીનભાઈ રાઠોડએ વાલોડ વન વિભાગના કર્મચારી અર્જુનભાઇ ચૌધરીના માર્ગદર્શન મુજબ ૪ ફૂટ લાંબો અને ૫૫ કિલો કાચબાને મીંઢોળા નદીમાં છોડવામાં આવ્યો હોવાનું સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા છે

વાલોડ તાલુકામાં વન્ય પ્રાણીઓ વારંવાર દેખા દેતા હોય છે, વાલોડ તાલુકાના વનમાંથી આ પ્રાણીઓ લોકોને નજરે પડતા હોય તેઓ જીવ દયા પ્રેમીઓને જાણ કરી વન્ય પ્રાણીઓનો બચાવ કરવામાં આવે છે. હરસિંગભાઈ ચૌધરી અવર નવર વન્ય જીવોની રેસ્ક્યું કરવામાં વન વિભાગને મદદરૂપ થાય છે, અને ખાંભલા ગામના સ્થાનિક હોય ખાસ કરીને દીપડા, અજગર જેવા પ્રાણીઓને રેસ્કયું કરવામાં મદદ કરી હોવાનું જણાવ્યું છે.

મહાકાય કાચબા જંગલોમાં હોવો અને આ કાચબા જવલ્લે જ જોવા મળતા હોય છે, આવા દુર્લભ કાચબા કે જેના પગે નખ દેખાયા છે, જે કાચબા મોટે ભાગે પાણીમાં તરતાં જ મળતા હોય છે, અને આ વિસ્તારમાં આ કાચબાની પ્રજાતિ મળવી તે પણ એક અજાયબી છે, તાપી જિલ્લામાં જમીન પર ચાલનારા કાચબા જ જોવા મળે, આ કાચબાને જોવા ખાંભલા ખાતે લોકો ટોળે વળ્યા હતા, લોકોમાં નવાઈ સાથે કુતુહલ પેદા કર્યું છે.

# સાંસદ પ્રભુભાઈ વસાવાની અધ્યક્ષતામાં 'દિશા કમિટી' ની બેઠક યોજાઇ

## સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના માનવીને મળી રહે તે માટે આયોજનબદ્ધ કામગીરી કરવા અનુરોધ કરતા સાંસદ પ્રભુભાઈ વસાવા

**તાપી-** કલેક્ટર કચેરી તાપીના સભાખંડ ખાતે સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ કમિટી 'દિશા'ની બેઠક યોજાઈ હતી. જેમાં કેન્દ્ર સરકારના કુલ-૨૬ વિભાગની ૬૭ જેટલી યોજનાઓની ચર્ચા તથા સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ તાપી જિલ્લાના તમામ વિભાગોની કામગીરી અને સરકારની યોજનાઓ અને તેમના અમલીકરણની માહિતી મેળવી અધિકારીશ્રીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



તમામ તાલુકાઓમાં કોઇ પણ પ્રોજેક્ટ મુકાય ત્યારે તાલુકાની પ્રજાને અનુરૂપ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવે, તેની જાણ પદાધિકારીઓને પણ કરવામાં આવે, જિલ્લામાં સ્વચ્છતાને લગતા ખુટતા સંસાધનો અંગે, નગરપાલિકા વિસ્તારમાં સીસીટીવી કેમેરા લાગવા બાબત,સ્માર્ટ મીટર અંગે લોકોમાં જાગૃતિ લાવવા, પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં પુરતી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવા, આંગણવાડીમાં કુપોષિત બાળકોને રેડ ઝોન માંથી યલ્લો ઝોનમાં લાવવા જેવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી રચનાત્મક સુચનો કર્યા હતા.આ સાથે કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે જેનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે વધુમાં વધુમાં યોજનાઓ અંગે પ્રચાર પ્રસાર કરવા અને લોકોને આ અંગે જાગૃત કરવા અધિકારીશ્રીઓને જણાવ્યું હતું.

સાંસદએ વધુમાં ઉમેર્યું કે, બંને નગરપાલિકા વિસ્તારમાં બહેનોને જાગૃત કરી ઈ-રીક્ષા ચલાવવા માટેની ટ્રેનિંગ આપી બહેનો પગભર બને તે દિશામાં વિચાર કરવા માર્ગદર્શિત કર્યા હતા. વધુમાં સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, ઈ શ્રમ યોજના, વિશ્વકર્મા યોજના, સ્વામિત્ત યોજના સહિત વિવિધ યોજના અને ખાસ કરીને પીએમજય કાર્ડ જેવા યોજનામાં લાભાર્થીઓને વધુમાં વધુ લાભ મળે, તમામ યોજનામાં ૧૦૦ ટકા સિધ્ધિ મળે તેવા પ્રયાસ જિલ્લા તંત્રના હોવા જોઇએ એમ માર્ગદર્શન આપ્યું હતું.

સાંસદ પ્રભુભાઈ વસાવાએ આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ વિવિધ યોજનાઓ, તથા ઉજ્જલા યોજના, નગર પાલિકા, અન્ન પુરવઠા યોજના, પાણી પુરવઠા, સિંચાઇ, ખેતીવાડી, આરોગ્ય, રેલવે, આઇસીડીએસ, ઉધોગ કેન્દ્ર, વિજપુરવઠા, ટેલિકોમ, રેલ્વે અને હાઇવે વિભાગની કામગીરીની વિગતવાર ચર્ચા કરી વિસ્તૃત સમીક્ષા કરીને જરૂરી સુચનો કર્યા હતા

ઇન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી વી. એન. શાહે સંબંધિત અધિકારીશ્રીઓને સાંસદશ્રી દ્વારા સુચવેલ બાબતોને ગંભીરતાપુર્વક લઇ જરૂરી કામગીરી કરવા સુચના આપી હતી. આ ઉપરાંત, આરોગ્ય વિભાગની આયુષ્યમાન કાર્ડ યોજનામાં તાપી જિલ્લો રાજય કક્ષાએ પ્રથમ ક્રમે રહ્યો છે, જે અંગે કલેક્ટરશ્રી અને સાંસદએ વિવિધ વિભાગોના કામગીરીની પ્રસંશા કરી તાપી જિલ્લા તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

બેઠકમાં મોહનભાઇ કોકણી, સહિત તાલુકા અને જિલ્લા કક્ષાએથી આવેલ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહી જિલ્લાના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. સમગ્ર બેઠકનું સંચાલન ડીઆરડીએ નિયામક ખ્યાતિ પટેલે કર્યું હતું.

આજની દિશા સમિતિની બેઠકમાં પદાધિકારી ઓ, સરપંચ, ઉચ્ચ અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્કૂલમાં ૩૧ ડિસેમ્બરની અનોખી ઉજવણી

## સુરતમાં ડાન્સ પાર્ટી કરવાના બદલે હિન્દુ સંસ્કૃતિ વિશે બાળકોને સમજ આવે તેવા હેતુથી હનુમાન ચાલીસાના પાઠ કરાવાયા

સુરત- વર્ષનો છેલ્લો દિવસ એટલે ૩૧ ડિસેમ્બર અને વર્તમાન સમયમાં પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરીને આ દિવસની ઉજવણી યુવાનો ડાન્સ પાર્ટી કરીને કરતા હોય છે. હિન્દુ સંસ્કૃતિ વિશે બાળકોને સમજ આવે તેવા હેતુથી સુરતના પરમસુખ ગુરુકુળ દ્વારા એક અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ૩૧ ડિસેમ્બર એટલે કે, વર્ષના છેલ્લા દિવસની ઉજવણી પશ્ચિમી સંસ્કૃતિ સાથે કરવાના બદલે પરમસુખ ગુરુકુળ દ્વારા વિદ્યાર્થીઓને હનુમાન ચાલીસાના પાઠ કરાવીને કરવામાં આવી હતી.



સામૂહિક હનુમાન ચાલીસાનું પઠન સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હિન્દુ સંસ્કૃતિ વિષે માહિતગાર બને અને બાળકો શ્લોકો ચોપાઈ તેમજ હનુમાન ચાલીસા વિશે જાણકારી મેળવે તેવા હેતુથી ૧૧ હનુમાન ચાલીસાના પાઠનું આયોજન સરથાણા વિસ્તારમાં આવેલા પરમસુખ ગુરુકુળ ખાતે કરવામાં આવ્યું હતું. વહેલી સવારે સ્કૂલના તમામ વિદ્યાર્થીઓને ગુરુકુળના પરિસરમાં એકઠા કરવામાં આવ્યા હતા અને સામૂહિક હનુમાન ચાલીસાનું પઠન કરાવવામાં આવ્યું હતું. જેમાં તમામ વિદ્યાર્થીઓએ સાથે મળીને ૧૧ હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા.

બાળકોમાં હિન્દુ સંસ્કૃતિનું નોલેજ આવે તેવો હેતુ વિદ્યાર્થીઓ દ્વારા કષ્ટભંજન દાદાના ફોટા સાથે દાદાને વિનવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

તો બાળકોના વાલીઓ દ્વારા પણ સ્કૂલના સરાહનીય પ્રયાસને બિરદાવવામાં આવ્યો હતો. કારણ કે, વર્તમાન સમયમાં પશ્ચિમી સંસ્કૃતિના અનેક તહેવારોની ઉજવણી યુવાધન કરતો થયું છે અને તેમાં ક્યાંકને ક્યાંક હિન્દુ સંસ્કૃતિ કે જે આપણો જૂનો વારસો છે

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

## ૨૦૨૫ વેપાર-ઉદ્યોગમાં એઆઈ-નો પ્રભાવ વધારનારુ વર્ષ બની રહેવાના સંકેત

નવા વર્ષમાં ભારત સહિત વિશ્વભરમાં ટેક કંપનીઓ તથા ઉદ્યોગોના ભાવિ વેપાર આયોજનમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ-કૃત્રિમ બુદ્ધી) ટેક્નોલોજીનો વપરાશ કેન્દ્ર સ્થાને રહ્યા હતા. આગામી સમયમાં કેવા પ્રકારના ટૂલ્સ તથા સોલ્યુશન્સની વેપાર ઉદ્યોગોને આવશ્યકતા પડી શકે છે તેના પર ટેક કંપનીઓ સંશોધન કરવા લાગી છે જયારે આરોગ્ય, નાણાંકીય તથા મીડિયા સહિતના ઉદ્યોગો એઆઈના ઉપયોગ થકી વેપારને કેવી રીતે સરળ બનાવી શકાય તે તરફ વધુ ધ્યાન આપવા લાગ્યાનું ૨૦૨૪માં જોવા મળ્યું છે ત્યારે ૨૦૨૫ નું વર્ષ એઆઇ ટેક્નોલોજીના વિકાસનું વર્ષ બની રહેશે તેમ કહીશંર તો ખોટું નહી ગણાય.

૨૦૨૪ ના વર્ષમાં ભારત સહિત દૂનિયા આખીએ એઆઈમાં વ્યાપક પ્રગતિ અને આગેકૂચ અનુભવી છે. નવી વિશિષ્ટતાઓ સાથેના ટૂલ્સ અને સોલ્યુશન્સ પૂરા પાડવા ટેક્નોલોજી ક્ષેત્રની કંપનીઓ વચ્ચે ૨૦૨૪ ના વર્ષમાં મોટી, ખાસ કરીને ચેટબોટસના વિકાસમાં, સ્પર્ધા જોવા મળી છે. વ્યવસાયીક ક્ષેત્રમાં એઆઈ હવે એક આવશ્યક અંગ બની ગયાનું પસાર થયેલા વર્ષમાં પૂરવાર થયું છે. એઆઈના વધી રહેલા ઉપયોગ સાથે વિશ્વના કેટલાક દેશોએ જવાબદારી નિશ્ચિત કરતા કાયદાઓ પણ ઘડવાનું શરૂ કર્યું છે. ઓગસ્ટ, ૨૦૨૪ માં યુરોપમાં પ્રથમ જ એવો જ આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ એક્ટ અમલી બન્યો છે. એઆઈ એક ઊભરતી ટેક્નોલોજી છે અને આ ટેક્નોલોજીના લાભ-ગેરલાભ જોવા મળી રહ્યા છે ત્યારે તેના વપરાશકારો પર જવાબદારી નિશ્ચિત કરવા દેશના અનેક સ્તરેથી માગ ઉઠી રહી છે ત્યારે આવનારા વર્ષમાં ભારતમાં પણ એઆઈ એક્ટ લાગુ થવાની શક્યતા જોવાઈ રહી છે. એઆઈ કંપનીઓ દ્વારા વાપરવામાં આવતા ડેટા પર ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસના મુદ્દે અમેરિકા, કેનેડા તથા યુકે સહિતના કેટલાક દેશોમાં કાનૂની જંગ અગાઉથી જ છેડાયા હતા ત્યારે ભારતમાં પણ ડેટાના માલિકો અને એઆઈ કંપનીઓ વચ્ચે ૨૦૨૪ માં કાનૂની લડતના મંડાણ થઈ ચૂક્યાનું જોવા મળ્યું હતું.

બીજી બાજુ એઆઈ તાલીમ તથા ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ કેન્દ્રીય મુદ્દા તરીકે ઊભરી આવ્યા છે. સલામતિ સાથે નવી ટેક્નોલોજીના ઉપયોગને સફળ બનાવવા ટેક કંપનીઓએ હાલના કોપીરાઈટ માળખાનો ઉંડો અભ્યાસ કરવાનું આવશ્યક બની ગયું છે. એઆઈ ટેક્નોલોજીના ઉપયોગ માટે દરેક સ્તરે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે સલામતિના અસરકારક પગલાંઓ ૨૦૨૫ માં પડકારરૂપ જણાઈ રહ્યા છે. એઆઈ ટેક્નોલોજીમાં પ્રગતિની સાથોસાથ કંપનીઓ જવાબદારીભર્યા વિકાસ અને ઝડપી નવીનતા વચ્ચે કઈ રીતે સમતુલા સાધી શકશે? એઆઈના વિકાસ તથા તેના વપરાશમાં સરકારના નિયમનો કેવી ભૂમિકા ભજવી શકશે? એઆઈના વપરાશમાં વપરાશકાર પારદર્શીતા જાળવશે કે કેમ તેની ખાતરી કઈ રીતે રાખી શકાશે? આ બધા પ્રશ્નોના જવાબ નવા વર્ષમાં શોધવાના રહે છે.

એઆઈ ટેક્નોલોજીના વધી રહેલા વપરાશ તથા એઆઈ ક્ષેત્રે રહેલી તકોને ધ્યાનમાં રાખી ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશને આગામી ૨૦૨૫ ના વર્ષને ''યર ઓફ એઆઈ'' તરીકે જાહેર કર્યું છે. દેશભરની ૧૪૦૦૦ કોલેજો તથા ૪ કરોડ વિદ્યાર્થીઓને એઆઈ ટેક્નોલોજીથી સશક્ત બનાવવા કાઉન્સિલ ઈરાદો ધરાવે છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક અભ્યાસક્રમમાં એઆઈને આવરી લઈ તેમને સશક્ત કરાશે. વિવિધ ક્ષેત્રમાં ક્રાંતિ કરવાની એઆઈની ક્ષમતાને ધ્યાનમાં રાખી કાઉન્સિલ એઆઈ શિક્ષણને પ્રોત્સાહન આપવા માગે છે. આમ આવનારા વર્ષોમાં દેશમાં એઆઈના ઉપયોગમાં વધારો થવાના સંકેત મળી રહ્યા છે. દવાના સંશોધન, ઉત્પાદન તથા દરદીની સારવારમાં એઆઈ ટેક્નોલોજી ક્રાંતિકારી બની રહેશે તેવો દેશનો ફાર્મા ઉદ્યોગ મત ધરાવી રહ્યો છે. આવી જ ધારણાં દેશના નાણાંકીય ખાસ કરીને બેન્કિંગ ક્ષેત્રમાં મત પ્રવર્તી રહ્યો છે. ખાસ કરીને સાઈબર ક્રાઈમ સામેથી ગ્રાહકોને સલામતિ પૂરી પાડવા એઆઈ ઉપયોગી થઈ રહેવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

એઆઈ ટેક્નોલોજીના વપરાશ માટે ૨૦૨૪ નું વર્ષ ઉદ્યોગો માટે પ્રાયોગિક વર્ષ રહ્યું હતું જયારે ૨૦૨૫ નું વર્ષ ઉદ્યોગોને એઆઈ તેમના વેપારને કટેલો ફાયદો કરાવી આપે એમ છે તેનુ ખરું ચિત્ર પૂરુ પાડનારું બની રહેશે, તેમ ટેક્નોલોજી ક્ષેત્રના લોકો માની રહ્યા છે.

ઈનોવા કાર ભાડે થી મળશે

૫–સિટર
૭–સિટર



સંપર્ક– અનિલભાઈ
મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## ૨૦ કરોડ થી વધુનું ટર્નઓવરવાળા વેપારી OTP આવ્યા બાદ જ ઇ-વે બિલ બનાવી શકશે



સુરત- સમગ્ર જીએસટી સિસ્ટમને બોગસ ઇ-વે બિલ અને ઇનવોઇસના ખપ્પરમાંથી બહાર કાઢવા ૧ જાન્યુઆરીથી નવા નિયમ ઘડાઈ રહ્યા છે. જીએસટીની એડવાઇઝરી મુજબ, ૧ લી થી ૨૦ કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતા વેપારીઓએ ઇ-વે બિલ જનરેટ કરવા ડબલ ઓથેન્ટિફિકેશન ની પ્રોસેસમાંથી પસાર થવું પડશે. હાલ ૧૦૦ કરોડનું ટર્નઓવર ધરાવનારા વેપારીઓ માટે આ નિયમ છે. ત્યારબાદ તબક્કાવાર તમામ વેપારીઓને આ સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવશે. ૧ ફેબ્રુઆરીથી ૫ કરોડનું ટર્નઓવર ધરાવનારા વેપારીઓ અને ૧ એપ્રિલથી તમામ વેપારીઓ OTPની જાળમાં આવી જશે.

૧ જાન્યુઆરીથી એમએફએ (મલ્ટિફિકેશન ફેક્ટર ઓથેન્ટિફિકેશન) એટલે કે ઇ-વે બિલ અને ઇ-ઇનવોઇસ બનાવતી વખતે યૂઝરનેમ, પાસવર્ડ અને ઓટીપી ફરજિયાત થશે. એટલે કે ૧૦૦ કરોડના ટર્નઓવર બાદ ૨૦ કરોડથી વધુ ધંધાના વેપારીઓએ પહેલી આઇડી, પાસવર્ડ નાંખ્યા બાદ ઓટીપી વેરિફાઇવ કરાવવો પડશે. બાદમાં જ ઇ-વે બિલ બનશે. હાલ માત્ર પાસવર્ડથી બને છે.

ઇ-વે બિલમાં ૧ જાન્યુઆરીથી બિલની કોપી, ક્રેડિટ નોટ અને ડેબિટ નોટ જો ૧૮૦ દિવસથી જૂના હશે તો ઇ-વે બિલ પોર્ટલ પર અપલોડ થશે નહીં. પહેલાં ઇ-વે બિલ બનાવવા કોઈ ટાઇમ લિમિટ ન હતી, જેથી ઇ-વેબ કોઈપણ તારીખનું બની જતું, ૧ લી થી ૩૬૦ દિવસ સુધી જ રિસ્ટ્રિક્ટ કરી શકાશે ત્યારબાદ થશે નહીં.


## સુરતના પાંચ પોલીસ મથકના વિસ્તારમાંથી ૨૫૦થી વધુ લોકો પીધેલા ઝડપાયા



સુરત- થર્ટી ફર્સ્ટને ધ્યાને રાખીને ગુજરાત પોલીસે એક્શન મોડમાં જોવા મળી રહી છે. દારૂ અને ડ્રગ્સનો નશો કરનારાઓને ઝડપી પાડવા માટે જાહેર માર્ગો અને વિવિધ વિસ્તારોમાં ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવે છે. જેમાં સુરતની ઝોન-૪ પોલીસ દ્વારા એક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં 30 ડિસેમ્બરની સાંજથી આજની સવાર સુધીમાં શહેરનાં ૫ મુખ્ય પોલીસ સ્ટેશન વિસ્તારોમાંથી ૨૫૦થી વધુ દારૂના નશામાં ફરતા શખસોને ઝડપી લેવામાં આવ્યા હતા. આ તમામને અલગ અલગ પોલીસ સ્ટેશનમાંથી બસમાં ભરીને પોલીસ પરેડ ગ્રાઉન્ડ લઈ જવાયા હતા.


ગતરોજ સાંજના સમયથી ૩૧ ડિસેમ્બરની સવાર સુધી ઝોન-૪ના ડીસીપી વિજયસિંહ ગુર્જરની આગેવાનીમાં અલથાણ, પાંડેસરા, ખટોદરા, વેસુ, ઉમરા અને અઠવા વિસ્તારમાં દારૂડીયાઓને ડામવા માટે ખાસ ઝુંબેશ ચાલી હતી. આ કાર્યવાહીમાં પોલીસે દારૂના નશામાં છાકટા બનનાર વ્યક્તિઓને બ્રેથ એનેલાઈઝર મશીનના માધ્યમથી તપાસી ઝડપી પાડ્યા હતા. માત્ર ૧૦ કલાકની આ ઝુંબેશમાં ૨૫૦થી વધુની પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી.

નવું વર્ષ તમને અને તમારા પરિવાર માટે સુખ સમૃધ્ધિ આનંદમય શાંતિપુર્વક તેમજ આવનાર સમયમાં તમને સફળતા મળે, એવી મારી આપને નવા વર્ષની ખુબ ખુબ શુભેચ્છા....!!!




ગુજરાત આત્મીયતા
(ગુજરાતી સાપ્તાહિક અખબાર)

શુભેચ્છક...
તંત્રી– હિમાંશુ કે. ઠાકોર




## ૨૩૯૦ કરોડના લક્ષ્યાંક સામે અત્યાર સુધી ૧૨૮૩ કરોડ રકમ વસૂલ કરી, વરાછા એ-ઝોન ૫૮.૩૨ ટકા સાથે અગ્રેસર



સુરત- ચાલુ નાણાકીય વર્ષના હજુ ત્રણ મહિના બાકી હોવા છતાં સુરત મહાનગરપાલિકા (મનપા) એ મિલક્ત વેરા વસૂલાતમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે. ૨૩૯૦ કરોડના લક્ષ્યાંક સામે અત્યાર સુધી ૧૨૮૩ કરોડ (૫૩.૭૦ ટકા) રકમ વસૂલ કરવામાં આવી છે. સુરત મનપા હવે બાકી મિલક્તદારો સામે વધુ આક્રમક પગલાં લેવા તૈયાર છે.

વરાછા એ-ઝોન સૌથી આગળ મનપાના ૧૦ ઝોનમાં મિલક્ત વેરા વસૂલાતની કામગીરીમાં વરાછા એ-ઝોન ૫૮.૩૨ ટકા સાથે અગ્રેસર રહ્યો છે, જયારે સેન્ટ્રલ ઝોન ૩૯.૩૬ ટકા સાથે તળીયે છે. ઓક્ટ્રોય નાબૂદી બાદ, મિલક્ત વેરો સુરત મનપાની આવકનો મુખ્ય સ્ત્રોત બની ગયો છે, જેથી રિવાઈઝ આકારણી જેવી વિવિધ કામગીરીથી આવક વધારવામાં આવી રહી છે.

વસૂલાતમાં વધારો કરવા પર ધ્યાન મનપા દ્વારા બાકી મિલક્તદારો પર વધુ સખત પગલાં લેવામાં આવી રહ્યા છે. રિવાઈઝ આકારણી અને કડક વહીવટી પ્રક્રિયા અમલમાં છે, જેથી નાણાકીય વર્ષના અંત સુધીમાં લક્ષ્યાંક સુધી પહોંચવામાં સહાય થાય. મનપાના આ વેરા વસૂલાત અભિયાનથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા માટે જરૂરી ફંડ ઉપલબ્ધ થવા સાથે તમામ ઝોનમાં આવક વધારવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

## નવા વર્ષની શરૂઆતથી જ પોલીસ ટ્રાફિકને લઈ એક્શનમાં; સુરતીઓએ નિયમ તોડ્યો તો ફરજીયાત દંડ વસૂલાશે



સુરત- નવા વર્ષ ૨૦૨૫ ના આગમન પહેલા, ટ્રાફિક નિયમોના પાલનને લઈને સુરત પોલીસે કડક અભિગમ અપનાવવાનું નક્કી કર્યું છે. છેલ્લા દિવસે પોલીસે અનોખી પદ્ધતિ અપનાવી, વાહનચાલકોને ગુલાબનું ફૂલ આપી ટ્રાફિક નિયમોના મહત્ત્વ વિશે સમજાવ્યું. આ અભિયાન હેઠળ ખાસ કરીને હેલ્મેટ ન પહેરનારા વાહનચાલકોને પ્રેરણા આપવા માટે આ વ્યવહાર કરવામાં આવ્યો. ગુલાબ આપી હેલ્મેટ પહેરવા માટે કહી રહ્યા હતા. જોકે ૧ જાન્યુઆરીથી આ જ ટ્રાફિક પોલીસ ટ્રાફિક નિયમ પાલન નહિ કરનાર સુરતી લોકો પર કેસ કરી ચુસ્તપને દંડ વસૂલ કરશે.

શહેરના વિવિધ સ્થળોએ ટ્રાફિક વિભાગના ડીસીપી અને અન્ય અધિકારીઓ રસ્તા પર ઉતરીને વાહનચાલકોને ગુલાબ આપીને સમજાવ્યા. આ દરમિયાન ટ્રાફિક પોલીસનું મુખ્ય ઉદ્દેશ લોકોને હેલ્મેટ પહેરવાના અને અન્ય નિયમોનું પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂકવાનું રહ્યું. ૪૫ દિવસ સુધી સુરત ટ્રાફિક પોલીસ આવી જ રીતે જાગૃતિ કાર્યક્રમ કરશે. જેથી લોકો ટ્રાફિક નિયમનું પાલન કરે, પરંતુ આ સાથે દંડ વસૂલવાની પણ કામગીરી કરવામાં આવશે. ટ્રાફિકના નિયમોના ચૂસ્ત પાલન માટે ગૃહરાજય મંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. નવા વર્ષથી ટ્રાફિક પોલીસ દંડાત્મક પગલાં લેવા માટે તૈયાર છે.

નવા વર્ષમાં કડકાઈ ૧ જાન્યુઆરી ૨૦૨૫થી ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનારા સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### શ્રી સાયણ વિભાગ કેળવણી મંડળ, સાયણ સંચાલિત

# ડી. આર. જી. ડી. સાર્વજનિક વિદ્યાલય તથા એમ. એલ. મહેતા પ્રાથમિક વિભાગ સાયણ તથા બા.ડા.પટેલ શિશુભવન સા.વિ.સ.ખાંડ ઉદ્યોગ મંડળી લી. બાલભવન સાયણ માં વાર્ષિક ઇનામ વિતરણ કાર્યક્રમ ની શાનદાર ઉજવણી થઈ

**સાયણ-** તારીખ ૨૮/૧૨/૨૦૨૪ ને શનિવારના રોજ શાળાના પટાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ.ડો. મનમોહનસિંહ તથા સાયણ ગામના મહિલા સરપંચ સ્વ. જિજ્ઞાસાબેન ઠક્કર ના દુ:ખદ અવસાન નિમિતે બે મિનિટનું મૌન પાળી તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યાર બાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. શ્રી સાયણ વિભાગ કેળવણી મંડળ ના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ તથા શાળાપરિવાર ના સહયોગ થી બાલમંદિર વિભાગ થી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓને વર્ગમાં પ્રથમ / સમગ્ર વર્ગમાં પ્રથમ /સમગ્ર વર્ગમાં દ્વિતીય / આવનાર તેજસ્વી તારલાઓને સન્માનિત કરી પ્રોત્સાહન આપવા શાળામાંથી વિદ્યાર્થીઓને પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા હતા.





બાલમંદિર થી ધોરણ ૧૨ સુધીમાં સમગ્ર વર્ગોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી ઓને દેલાડ ના સ્વ. નટવરભાઈ નાથુભાઈ પટેલ ના સ્મરણાર્થે પરિવાર દ્વારા પારિતોષિક આપવામાં આવ્યા હતા. તેમજ સમગ્ર વર્ગોમાં દ્વિતીય આવનાર વિદ્યાર્થીઓને દેલાડ ના શ્રીમતી રમીલાબેન પટેલ તથા શ્રીમતી મંજુલાબેન પટેલના પરિવાર તરફથી પારિતોષિક આપવામાં આવ્યા. તથા બાલમંદિર વિભાગથી ધોરણ ૧૨ સુધીમાં વર્ગ માં પ્રથમ /દ્વિતીય આવનાર વિદ્યાર્થી ઓને શ્રી જયેન્દ્રભાઈ દેસાઈ (સાંધીયેર ) તરફથી રોકડમાં પુરસ્કાર આપવામાં આવ્યા. તેમજ શ્રીમતી પારુલ બેન ડી. પટેલ ( R.C.G.S.M. કોમ્પ્યુટર ક્લાસીસ સાયણ) તરફથી ધોરણ :- ૯ થી ૧૨ માં વર્ગ માં



પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ આપવામાં આવ્યા હતા. બાલ મંદિર,ધોરણ ૧ થી ૮ માં વર્ગ માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને સ્વ. જાનકીલાલ શાહ તથા સજ્જનબેન શાહ ના સ્મરણાંર્થે શ્રી કનૈયાભાઈ શાહ તરફથી શીલ્ડ આપવામાં આવ્યા હતા.તથા ધોરણ :- ૧ થી ૮ માં દ્વિતીય આવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ શ્રી જવાહરભાઈ ડી.પટેલ તરફથી આપવામાં આવ્યા હતા.તેમજ આ કાર્યક્રમમાં સ્વ.જાનકીલાલ શાહ તથા સ્વ. સજ્જનબેન શાહ ના સ્મરણાર્થે એમના પરિવાર તરફથી રૂ. ૧,૦૦,૦૦૦ નું દાન તેમજ સ્વ. અમૃતલાલ છોટુભાઈ નાયક ના સ્મરણાર્થે શ્રી દર્શનભાઈ નાયક , શ્રી જયેશભાઇ નાયક તથા તેમના પરિવાર તરફથી વિદ્યાર્થીઓના પુરસ્કાર માટે રૂ. ૧,૦૦,૦૦૦ નું દાન જાહેર કરવામાં આવ્યું હતું. તેમજ

આ કાર્યક્રમ શ્રી સાયણ કેળવણી મંડળ ના પ્રમુખ હરીશભાઈ બી.માળી, ઉપપ્રમુખ દર્શનભાઈ નાયક, માનંદમંત્રી રાકેશભાઈ પટેલ, સહમંત્રી કિશોરભાઈ પટેલ, સભ્ય પ્રવીણભાઈ ટેલર, સભ્ય મિતુલભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ શાળાના આચાર્ય એસ. એમ. હિરપરા સાહેબ, દેવેન્દ્રસિંહ આઇ. ઠાકોર, નિરીક્ષકશ્રી શ્રી હરિશભાઈ પટેલ, અર્જુનભાઈ ગરાસીયા, પ્રાથમિક વિભાગના નિરીક્ષક નીતિનભાઈ સૌ શિક્ષક મિત્રો તથા વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા

# સરકારી જમીન પર ગેરકાયદેસર ઝીંગા તળાવ જમીન ફાળવણી ભંગ બાબતે કલેકટરને રજુઆત કરાતા લાગતા ખાતાના અધિકારીઓને તપાસની કાર્યવાહી ની જાણ કરવા સુચના અપાઈ

**સુરત-**સુરત જિલ્લા અને શહેરના વિસ્તારમાં સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બનાવવામાં આવેલ ઝીંગાના તળાવ સ્થળે જમીન ફાળવણીની શરતનો ભંગ કરી બોરિંગ કરી ગ્રાઉન્ડ વોટર ઉપયોગમાં લેવા બદલ શરત ભંગ ની યોગ્ય તપાસ કરાવી કાર્યવાહી કરવા બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનકુમાર એ નાયક દ્વારા તા. ૧૬/૧૧/૨૦૨૪ નાં રોજ કલેક્ટરને લેખિતમાં પુરાવા



સાથે રજૂઆત કરવામાં આવેલ હતી.

જેના અનુંસંધાનમાં કલેક્ટરની સૂચનાથી મામલતદાર ઓલપાડ દ્વારા તા. ૨૪/૧૨/૨૦૨૪ નાં રોજ એક્વાક્લચર ઓર્થોરિટી નાં લાયસન્સ બાબતે મત્સ્યઉદ્યોગ નિયામકને તથા ગેરકાયદેસર વીજળી નાં જોડાણ બાબતે કાર્યાપાલક ઈજનેર DGVCL ને તથા જમીન મેહસૂલ અને બોરિંગ કરી ગ્રાઉન્ડ વોટર લેવા અંગે સબંધિત તમામ તલાટી કમ મંત્રીઓને તપાસ કરી કાર્યવાહી કરવા અને થયેલ કાર્યવાહીની અરજદારને જાણ કરવા સૂચના આપવામાં આવી.

# નાના ક્રેનનો ભુક્કો બોલી ગયો, માંગરોળના મોલવણ ગામે મશીનરી ચડાવતી વખતે બની ઘટના

બારડોલી- સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોલવણ ગામે દુ:ખદ ઘટના સામે આવી છે, જેમાં એક ક્રેન બીજી ક્રેન ઉપર પડતાં ક્રેનચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતુ અને ક્રેનનો ખુરદો બોલી ગયો હતો. આ સમગ્ર ઘટનાના હચમચાવતા સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા. આ ઘટનાને પગલે કોસંબા પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



નાના ક્રેનનો ભુક્કો બોલી ગયો મળતી માહિતી મુજબ, સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોલવાણ ગામ ખાતે મારુતિ ઇન્ડસ્ટ્રીઝમાં નાના ક્રેન પર બીજું ક્રેન પડતાં એકનું મોત થયાની ઘટના બની છે. ઇન્ડસ્ટ્રીઝમાં સાયલો નામનું મશીન ફિટ કરવા માટે નાના અને મોટા એમ બે ક્રેન ભાડે મગાવવામાં આવ્યાં હતાં. આ દરમિયાન આ કામગીરી ચાલુ હતી. ત્યારે ભારે વજનને કારણે તેમજ જમીનમાં નવું માટી પુરાણ હોવાથી મોટું ક્રેન જમીનમાં દબાઈ ગઈ હતી અને સંતુલન ગુમાવી સીધું નાના ક્રેન ઉપર પડ્યું હતું.

રમકડાની જેમ-નાના ક્રેનનો ભુક્કો બોલી ગયો હતો આજે બપોરે આ મશીનરી ચડાવતી વખતે ભારે વજનના કારણે મશીનરી એક તરફ ઝૂકી જતાં મોટા ક્રેને સંતુલન ગુમાવ્યું હતું અને એ નાના ક્રેન ઉપર પડતાં નાના ક્રેનનો ભુક્કો બોલી ગયો હતો અને ક્રેનમાં સવાર ૨૨ વર્ષીય ચાલક શાહિદ પઠાણને ગંભીર છાતી, કપાળ, બન્ને પગના ભાગે ઈજાઓ થઈ હતી અને તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ બનાવવાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોચી હતી અને તેણે મૃતક યુવકના સાળાની ફરિયાદ લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા.

# ઓલપાડની સરસ પ્રાથમિક શાળાનાં આચાર્ય શર્મિલા પટેલનો વિદાય સમારંભ યોજાયો

બારડોલી- ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત સરસ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતાં શર્મિલા ભોગીલાલ પટેલની સ્વૈચ્છિક અન્ય શાળામાં બદલી થતાં તેમનો વિદાય સમારંભ અત્રેની શાળામાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામનાં સરપંચ, વડીલો, શાળા વ્યવસ્થાપન સમિતિ સભ્યો, સરસ કેન્દ્ર સંલગ્ન પ્રાથમિક શાળાઓનાં આચાર્યો, શિક્ષકગણ સહિત વાલીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



શાળાના નવનિયુક્ત આચાર્ય અજયભાઈ પટેલે શાબ્દિક સ્વાગત દ્વારા તમામ મહેમાનોને આવકારીને શાળામાંથી વિદાય લઇ રહેલ શર્મિલા પટેલના સરસ પ્રાથમિક શાળા સાથે જોડાયેલાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યા હતા. આ તકે શાળા પરિવારે શર્મિલાબેનને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનપત્ર સાથે ભારે હૃદયે વિદાય આપી હતી.

સાથે જ અન્ય શિક્ષકો તથા બાળકોએ પણ તેમને મોમેન્ટો અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. અંતમાં શર્મિલાબેન પોતાનાં પ્રતિભાવ આપતી વેળા ભાવવિભોર થયાં હતાં.

# વ્યારામાં આશાવર્કર બહેનો દ્વારા ૧૨ પ્રશ્નોને લઈને તંત્રને રજૂઆત

વ્યારા- તાપી જિલ્લા આરોગ્ય કેન્દ્રની આશા વર્કર બહેનોની વિવિધ માંગણીઓને લઈ વ્યારા ખાતે ગુજરાત લેબર યુનિયન અને આશાવર્કરો દ્વારા કલેકટર સહિત તાપી જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી ન્યાયની માંગણી કરી હતી. વ્યારા ખાતે જિલ્લાની આશા વર્કર બહેનો દ્વારા વિવિધ પ્રશ્નોને લઈને કલેકટરથી લઈને જિલ્લા વિકાસ અધિકારી સહિત તંત્રને રજૂઆત કરી હતી. જેમાં રાજયના આરોગ્ય મંત્રાલય તરફથી વર્ષ ૨૦૧૮માં આશા વર્કર બહેનોને બે જોડી કપડા આપવા નક્કી કર્યું છે, જે આજદિન સુધી આપવામાં આવ્યું નથી તેમ જ તેમના કામના કલાકો સંસ્થાના નિયમો અનુસાર નક્કી કરી આપવાનો માંગણી કરી હતી.

તેમજ કોવિડ બીમારીમાં જે કામગીરી આશા વર્કર બહેનોએ વધુ કામગીરી કરી હતી. અન્ય વિવિધ કામગીરી બાબતે પણ ઇન્સેટિવ આપવામાં આવતુ નથી તેમ જ મહારાષ્ટ્ર રાજયમાં આશા વર્કરો અને માસિક પગાર આપવામાં આવે છે.

તે મુજબ પગાર આપવાની માંગણી કરાઈ હતી સાથે આશા વર્કરો દ્વારા વિવિધ સરકારી યોજનાઓની કામગીરીઓ કરતા રહે છે જેનું પણ મહેનતાણું કે ઇન્સેન્ટીવ મળતુ નથી જેને લઇને વિવિધ મુશ્કેલીઓ પડી રહેતી હોય આશા વર્કર બહેનો દ્વારા ૧૨ જેટલા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે વ્યારા ખાતે કલેકટર સહિત અધિકારીઓને રજૂઆત કરી ન્યાયની માંગણી કરી હતી.

# ૪ પોઇન્ટ પર મુકાયેલા આ કચરા પેટી જાહેરમાં કચરાનો નિકાલ અટકાવશે

બારડોલી- બારડોલી નગરમાં અમુક એવા વિસ્તાર જયાં કચરો ફેંકી જવામાં આવે છે. આવા વિસ્તારો પહેલા સર્વે કર્યો, અને આવા પોઇન્ટ પર કચરો નાખતા અટકાવવા માટે ૧૦ સ્થળો પર દીવાલ પર ભીંતચિત્રો બનાવ્યા, હવે પાલિકા દ્વારા સાયકલ જેવી દેખાતી બનાવવામાં આવી છે. પાછળ સ્ટેન્ડ બનાવ્યું, જેમાં કચરાપેટી મૂકી છે. હાલ ત્રણ સ્થળ પર સાયકલ મૂકાઈ છે. બાકીના બે



સ્થળ પર પણ મૂકવામાં આવશે. કચરો જાહેરમાં નાખવાના નવા પોઇન્ટ પર સાયકલ સાથે દસ્બીન તેમજ જૂના પાવર હાઉસ પાસે કન્યા છાત્રાલય ગેટ નજીક પ્લાન્ટેશન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. નગરમાં જાહેરમાં કચરો ફેંકતા અટકાવવા માટે પહેલા ૧૩ લાખ રૂપિયા, હવે વધુ અંદાજીત ૨૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ધામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).